ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, આહવા, જિ. ડાંગના ફર્નીચર, ડો.બાબાસાહેબ આંબેડકરનું બસ્ટ, સાઉન્ડ સીસ્ટમના કામનો ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક-અબડ-૧૦૧૬-૬૦૫૨૮૦-ગ
સચિવાલય,ગાંધીનગર
તારીખ:૨૭/૧૨/૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણના તા. ૨૮/૧૧/૨૦૧૬ ના પત્ર ક્રમાંક -અજાક - મ-૪-૪૭૫-૪-૨૦૧૬-૬૭૭૨

ઠરાવ :-

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ-૧ પરના નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનો તા.૨૮-૧૧-૨૦૧૬ ના પત્રથી ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, આહવા, જિ. ડાંગના ફર્નીચર, ડો.બાબાસાહેબ આંબેડકરનું બસ્ટ, સાઉન્ડ સીસ્ટમના કામ અંગે રૂ.૩૫,૭૧,૯૦૦/-(અંકે રૂપિયા પાંત્રીસ લાખ ઇકોતેર હજાર નવસો પુરા) ને ખર્ચ કરવાની મંજુરી આપવા માટેની દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે બજેટ સદર હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં મંજુર થયેલ કુલ રૂ. ૩૦૦/- લાખની ગ્રાન્ટ પૈકી નાણા વિભાગ દ્વારા ફાળવેલ અને તે પૈકી બચત રહેતી અને ઉપલબ્ધ એવી રૂ. ૩૦૦/-લાખની ગ્રાન્ટમાંથી આ કામનો સદરહું બજેટ સદર હેઠળ ચાલુ વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટમાંથી ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, આહવા, જિ. ડાંગના ફર્નીચર, ડો.બાબાસાહેબ આંબેડકરનું બસ્ટ, સાઉન્ડ સીસ્ટમ વિગેરે માટેનો રૂ. ૩૫,૭૧,૯૦૦/- (અંકે રૂપિયા પાંત્રીસ લાખ ઇકોતેર હજાર નવસો પુરા ને ખર્ચ કરવાની મંજુરી આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૨-૧૨-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

નકલ રવાના:-

માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય ,ગાંધીનગર

અગ્ર સચિવશ્રી,નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર

અગ્ર સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર

કાર્યપાલક ઇજનેરશ્રી ની કચેરી, માર્ગ અને મકાન વિભાગ, આહવા,જિ.ડાંગ.

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ

નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર

જીલ્લા તિજોરી અધિકારીશ્રી, આહવા,જિ.ડાંગ.

નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ની કચેરીશ્રી આહવા,જિ.ડાંગ

જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) આહવા,જિ.ડાંગ.

સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ (સા.ન્યા) વિભાગની વેબ સાઇટ પર મુકવા વિનંતી

બજેટ-શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર

સિલેક્ટ ફાઇલ